કમી.ક./મહેકમ/૧|૯૯૮

કમિશ્નર કચેરી,
(મહેકમ વિભાગ)
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર
તા. ૮/૬/૨૦૧૫

## –::કાર્યાલય આદેશ ::–

**વિષયઃ– મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગોમાં અરજદારશ્રીએ જુદા જુદા પ્રકારની મંજુરીઓ મેળવવા માટે જુદા જુદા પ્રકારના ફોર્મ્સ ઓન લાઈન વેબસાઈટ મારફતે મળે તથા આવા તમામ ફોર્મ્સ મ્યુ. કોર્પો.માં પણ વિના મુલ્યે મળે તેવી વ્યવસ્થા ગોઠવી આ તમામ પ્રકારના ફોર્મ્સની ફી રદ કરવા બાબત.**

સંદર્ભઃ–(૧) સક્ષમ સત્તાની મંજુરી મેળવવા કરેલ દરખાસ્ત કમિ.ક./મહેકમ/૧/૧૦૧ તા.૧૨–૫–૧૫
(૨) સામાન્ય સભાના ઠરાવ નં. સ.સ.ઠ. આંક નં. ૩૪ તા. ૨૮–૫–૨૦૧૫
(૩) અમલીકરણ આદેશ તા.૮–૬–૨૦૧૫

---

ઉપરોકત વિષય અને સંદર્ભે ભાવનગર મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો જેવા કે, ટાઉન પ્લાનીંગ, ટાઉન ડેવલપમેન્ટ, ઘરવેરા, એસ્ટેટ, જન્મ મરણ, વોટર વર્કસ, ડ્રેનેજ વિગેરે વિભાગમાં અરજદારોએ જુદા જુદા પ્રકારની મંજુરીઓ મેળવવા માટે ભાવનગર મહાનગરપાલિકા ધ્વારા નિયત નમનામાં થયેલ પ્રોફોર્મા તેમજ નિશ્ચિત થયેલ રકમ ભરપાઈ થયેથી ફોર્મ્સ આપવામાં આવે છે. આ જુદા જુદા પ્રકારના ફોર્મ્સ છપાવવાની કાર્યવાહી તેમજ અરજદારોને આપવા માટે રાખવામા આવતા કર્મચારીઓનો સમય તેમજ રજીસ્ટર નિભાવવામાં ખુબ જ સમય પસાર થાય છે. તદઉપરાંત આ પ્રકારના ફોર્મ્સથી મહાનગરપાલિકાને કોઈ વિશેષ આવક થતી નથી. તેથી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર અને આવકની બાબતોને ધ્યાન લેતા હાલની આ ફોર્મ્સ આપવાની કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવો જરૂરી છે.

ઉપરોકત તમામ હકિકતે ભાવનગર મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગોમાં હાલ જે ફોર્મ્સ ફિ લઈને આપવામાં આવે છે તે ફોર્મ્સ આપવાની હાલની કાર્ય પધ્ધતિમાં ફેરફાર કરી હવે તમામ વિભાગોએ આવા અરજી ફોર્મ્સ ઓન લાઈન મુકવા, આ ફોર્મ્સ વેબસાઈડ મારફતે વિના મુલ્યે મળી રહે, બજારમાંથી મેળવી રજુ કરવા અથવા તો ઝેરોક્ષ કરેલી નકલોમાં અરજી કરે, જેથી હવે તમામ પ્રકારના અરજી ફોર્મ્સ અરજદારોને વિના મુલ્યે મળી રહે તે બાબતે, આ તમામ પ્રકારના ફોર્મ્સની ફી રદ કરવા તથા મ્યુ. કોર્પો.માં પણ વિના મુલ્યે મળી રહે તે અંગે અમલ કરવા આથી હુકમ કરવામાં આવે છે. જેનો સર્વોએ અમલ કરવો.

આ હુકમની અમલવારી તા. ૮–૬–૨૦૧૫થી કરવાની રહે છે. તથા તા. ૭–૬–૨૦૧૫ સુધીમાં જે તે વિભાગોએ વેચાણ કરેલ ફોર્મ્સ તેમજ બાકી રહેલા અને જમા રહેલ ફોર્મ્સની વિગતો સ્ટોર વિભાગને તથા એકાઉન્ટ વિભાગને કરવાની રહેશે.

( જય પ્રકાશ શિવહરે)
કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

રવાનગી અર્થે અધિકૃત

નાયબ કમિશ્નર(એડમીન)
મહાનગરપાલિકા,ભાવનગર

<u>નકલ જાણ થવા તથા અમલવારી થવા સારૂ :</u>
તમામ વિભાગો તરફ.......................